For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### દોઢ મહિના સુધી વરસાદ ન પડે તો પણ શહેરમાં પાણીની કોઈ સમસ્યા સર્જાશે નહીં

# આજવા સરોવરની સપાટી ૨૦૬.૪૫ ફૂટે પહોંચતા શહેરીજનો અને તંત્રને મોટી રાહત

**ચોમાસાની** શરૂઆતમાં જ સરોવરમાં પાણીની બમ્પર આવક થતા જળસંકટ ટળ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાઃ છેલ્લા કેટલાક સમયથી પાણીની અછત અને અનિયમિત પુરવઠાનો સામનો કરી રહેલા વડોદરાના નાગરિકો માટે ચોમાસાની શરૂઆતમાં જ અત્યંત આનંદદાયક અને મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. વડોદરા શહેરની જીવાદોરી ગણાતા ઐતિહાસિક આજવા સરોવરમાં પાણીની ધરખમ આવક થતાં વડોદરાવાસીઓ પર તોળાઈ રહેલું જળસંકટ હાલ પૂરતું સંપૂર્ણપણે ટળી ગયું છે. સરોવરના ઉપરવાસમાં થયેલા સારા વરસાદને કારણે પાણીની સપાટીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેનાથી સ્થાનિક વહીવટી તંત્ર અને નાગરિકોએ હાશકારો અનુભવ્યો છે.



મળતી સત્તાવાર માહિતી અનુસાર, આજવા સરોવરની વર્તમાન જળસપાટી વધીને ૨૦૬.૪૫ ફૂટના સ્તરે પહોંચી ગઈ છે. ચોમાસાની મધ્ય કે અંત પહેલા જ સરોવરમાં પાણીનો આટલો મોટો અને પૂરતો જથ્થો જમા થઈ જવો એ વડોદરા શહેર માટે ખૂબ જ સાનુકૂળ સંકેત માનવામાં આવી રહ્યો છે. પાણીની આ વર્તમાન સ્થિતિ અંગે વડોદરા મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, સરોવરમાં અત્યારે એટલો સક્ષમ જથ્થો ઉપલબ્ધ છે કે જો આગામી ૪૫ દિવસ એટલે કે પૂરા દોઢ મહિના સુધી વડોદરા કે તેના ઉપરવાસના વિસ્તારોમાં બિલકુલ વરસાદ ન પડે અથવા ચોમાસું ખેંચાય, તો પણ શહેરમાં પીવાના પાણીની કોઈ જ સમસ્યા કે તંગી સર્જાશે નહીં. નાગરિકોને નિયમિત અને પૂરતા પ્રમાણમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડી શકાશે.

ચોમાસાની હજુ શરૂઆત જ થઈ છે ત્યારે જ સરોવરમાં નોંધાયેલી પાણીની આ બમ્પર આવકને પગલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ના વહીવટી તંત્રએ પણ મોટી રાહત અનુભવી છે, કારણ કે દર વર્ષે ઉનાળાના અંતમાં અને ચોમાસાની શરૂઆતમાં પાણીના કાપ અથવા અપૂરતા પ્રેશરને લીધે તંત્રને ભારે જનઆક્રોશનો સામનો કરવો પડતો હતો. આ વર્ષે પ્રારંભિક તબક્કામાં જ કુદરત મહેરબાન થતાં વહીવટી અધિકારીઓનું આયોજન સરળ બનશે. બીજી તરફ, સ્થાનિક રહીશોમાં પણ ખુશીની લહેર વ્યાપી ગઈ છે અને ઉનાળા દરમિયાન વેઠવી પડેલી પાણીની હાડમારીઓમાંથી મુક્તિ મળશે તેવી આશા બંધાઈ છે. આગામી દિવસોમાં જો વધુ વરસાદ થશે તો સરોવર પૂર્ણ સપાટીએ ભરાઈ જવાની પણ પૂરેપૂરી સંભાવના છે, જે સમગ્ર વર્ષ દરમિયાન વડોદરાની તરસ છિપાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

### વડોદરામાં પાણી કાપની વાતો તદ્દન ખોટી હોવાનો તંત્રનો દાવો

## મહીસાગર ફ્રેંચવેલ ખાતે માત્ર એક કલાક જ ચાલશે ડિસિલ્ટિંગ કામગીરી

**અફવાઓથી દોરવાશો નહીં**

ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારમાં સપ્લાય પર કોઈ ખાસ અસર નહીં થાય

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેરમાં મહીસાગર ફ્રેંચવેલની કામગીરીને પગલે મોટા પાયે પાણી કાપ રહેવાનો હોવાની વહેતી થયેલી વાતોને પાલિકા તંત્ર દ્વારા સદંતર ખોટી અને ભ્રામક ગણાવવામાં આવી છે. કોર્પોરેશનના અધિકારી ધાર્મિક દવે ના જણાવ્યા અનુસાર, શહેરીજનોને પૂરતા પ્રમાણમાં પાણી મળતું રહેશે અને પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ થવાનો નથી. નાગરિકોએ આવી કોઈ પણ અફવાઓથી દોરવાઈ જવાની જરૂર નથી.

તેઓ એ વધુ માં જણાવતા કહ્યું હતું કેવાસ્તવિકતા એ છે કે, મહીસાગર ફ્રેંચવેલ ખાતે માત્ર નિયમિત જાળવણીના ભાગરૂપે કાંપ સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત માત્ર એક જ ફ્રેંચવેલને ફક્ત એક કલાક જેટલા ટૂંકા સમયગાળા માટે જ બંધ રાખવામાં આવે છે. આ આયોજનબદ્ધ કામગીરી એટલી ઝડપથી પૂર્ણ કરવામાં આવે છે કે જેનાથી શહેરની મુખ્ય જળ વિતરણ વ્યવસ્થા પર કોઈ મોટી આડઅસર પડતી નથી.

જો કે, તંત્ર દ્વારા એ સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે આ જાળવણી પ્રક્રિયા દરમિયાન અમુક અનિવાર્ય સંજોગોમાં જે તે વિસ્તારમાં ખૂબ જ ઓછા સમય માટે લો-પ્રેશરથી પાણી આવવાની સમસ્યા સર્જાઈ શકે છે. પરંતુ આ સ્થિતિ તદ્દન હંગામી છે. ખાસ કરીને વડોદરાના ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારના નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે આ વિસ્તારોમાં પાણીના સપ્લાય પર કોઈ વિશેષ કે ગંભીર અસર જોવા મળશે નહીં. ત્યાં રાબેતા મુજબ જ પાણી પુરવઠો વહેંચવામાં આવશે.

પાલિકાના પાણી પુરવઠા વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા ફેલાતી અસ મર્થિત અફવાઓ પર વિશ્વાસ ન કરવો. તંત્ર નાગરિકોને પૂરતું અને નિયમિત પાણી પૂરું પાડવા માટે સંપૂર્ણ કટિબદ્ધ છે. આ ડિસિલ્ટિંગ કામગીરી ભવિષ્યમાં પાણીની ગુણવત્તા અને પ્રવાહ જાળવી રાખવા માટે જ કરવામાં આવી રહી છે, જેથી કરીને શહેરીજનોને વગર અડચણે શુદ્ધ પાણી મળતું રહે.

## પાણીના વેડફાટ મુદ્દે કમિશનરનો કડક મિજાજ અધિકારીઓને એક અઠવાડિયાનું અલ્ટીમેટમ

**લીકેજ** અને પાણી ચોરી સામે યુદ્ધના ધોરણે કાર્યવાહીનો આદેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરમાં સર્જાયેલી પાણીની સમસ્યા અને નાગરિકોની ફરિયાદોને લઈને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની કડક સમીક્ષા કરી હતી. પાલિકાની બેઠકમાં શહેરમાં મુખ્ય પાણી લાઈનોમાં થતા લીકેજ અને પાણીના વેડફાટ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી અધિકારીઓને એક અઠવાડિયામાં અસરકારક ઉકેલ લાવવાનો અલ્ટીમેટમ આપવામાં આવ્યો હતો.

કમિશનરે જણાવ્યું કે પૂર્વ અને ઉત્તર ઝોનના કેટલાક વિસ્તારોમાં લો-પ્રેશર તથા દૂષિત પાણીની ફરિયાદો મળી રહી છે. ગેરકાયદેસર કનેક્શન અને ડાયરેક્ટ મોટરથી પાણી ખેંચતા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. સાથે જ બિનજરૂરી રીતે કોર્પોરેશનના ટેન્કરો મંગાવતી સોસાયટીઓની પણ તપાસ કરાશે. પાણીની અછત દૂર કરવા આગામી એક મહિના માટે નર્મદામાંથી વધારાનું પાણી મેળવવાનો નિર્ણય લેવાયો છે. નવી પાઈપલાઈન મારફતે જૂનના અંત સુધીમાં પૂર્વ, દક્ષિણ અને ઉત્તર ઝોનને વધારાનું પાણી પહોંચાડવાનું આયોજન છે. બેઠકમાં પ્રી-મોન્સૂન કામગીરી, ડ્રેનેજ સફાઈ અને રોડ પેચવર્ક ઝડપથી પૂર્ણ કરવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

### જર્મન કંપનીના નામે ફેક ઈ-મેઈલ બનાવી રકમ ખોટા ખાતામાં ટ્રાન્સફર કરાવડાવી

# દીપક નાઈટ્રાઈટ કંપની સાથે યુરો ૪૬,૯૫૯ (રૂ.૪૭ લાખથી વધુ)ની ઠગાઈ

**"મેન** ઇન ધ મિડલ" એટેકથી આંતરરાષ્ટ્રીય લેવડદેવડમાં છેતરપિંડી, પોર્ટુગલની બેંકના ખાતામાં રકમ જમા કરાવ્યા બાદ ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાના એલેમ્બિક રોડ પર આવેલી અગ્રણી કેમિકલ ઉત્પાદક કંપની દીપક નાઈટ્રેટ સહિત બે કંપની આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જર્મનીની કંપની સાથેના ટેકનિકલ કરાર અંતર્ગત કરવામાં આવનાર ચુકવણી દરમિયાન અજાણ્યા સાયબર ઠગોએ ફેક અને માસ્કડ ઈ-મેઈલ આઈડી બનાવી કંપનીને ગેરમાર્ગે દોરી યુરો 46,959 (અંદાજે રૂ. 47 લાખથી વધુ) પોર્ટુગલ સ્થિત બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આંતરિક તપાસમાં "મેન ઈન ધ મિડલ" પ્રકારની સાયબર છેતરપિંડી કરાઈ હોવાનો ખુલાસો થતાં કંપનીના ચીફ મેનેજરે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે.

વડોદરાના છાણી વિસ્તારમાં રહેતા અને દિપક નાઈટ્રેટ લિમિટેડ કંપનીમાં ચીફ મેનેજર (એકાઉન્ટ્સ) તરીકે ફરજ બજાવતા લક્ષ્મી ગણપતિએ કંપની વતી જણાવ્યું છે કે કંપનીએ જુલાઈ-2024 દરમિયાન જર્મનીની Glatt Ingenieurtechnik GmbH સાથે સોડિયમ નાઈટ્રાઈટ ઉત્પાદન માટે ફીઝિબિલિટી ટેસ્ટ સંબંધી કરાર કર્યો હતો.

ઠગોએ કંપનીના અધિકારીઓને જર્મન કંપનીના અધિકારીના નામની ફેક ઈ-મેઈલ આઈડીથી સંપર્ક કર્યો હતો. આ ઈ-મેઈલના આધારે કંપનીને પોર્ટુગલ સ્થિત Millennium Bancoના IBAN ખાતામાં યુરો 46,959 ટ્રાન્સફર કરવા સૂચના આપવામાં આવી હતી.

કંપનીએ 17 ઓક્ટોબરના રોજ ઓમાન સ્થિત તેની સહાયક કંપનીના કોટક મહિન્દ્રા બેંક, ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતામાંથી આ રકમ ટ્રાન્સફર કરી હતી. જોકે જાન્યુઆરી-2026માં જર્મન કંપનીએ બાકી પેમેન્ટ અંગે પૂછપરછ કરતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જેની

ટેકનિકલ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે કંપનીના ઈ-મેઈલ સંવાદમાં વચ્ચે ઘૂસી જઈ ઠગોએ ફેક ઈ-મેઈલ મારફતે ચુકવણીની વિગતો બદલી નાખી હતી. બનાવની જાણ થતાં કંપનીએ તાત્કાલિક બેંકને રકમ રોકવા સૂચના આપી હતી, પરંતુ હજુ સુધી રકમ પરત મળી નથી. આ અંગે કંપનીએ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર પણ ફરિયાદ નોંધાવી હતી.

### ફૂડ સેફ્ટી વિભાગની મેગા ડ્રાઈવ : 43 એકમોની તપાસ, રૂ.3.20 લાખનો દંડ

# ગુપ્તા સમોસા અને મદ્રાસ ભવનને ગંદકી બદલ રૂ. ૧૦-૧૦ હજારનો દંડ

**72 ખાદ્ય** પદાર્થોના નમૂના લેબમાં મોકલાયા, 9 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરાયો

**અસ્વચ્છતા** બદલ રેસ્ટોરન્ટ, ફૂડ વેન્ડર અને વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગે શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાદ્ય પદાર્થોના વેપારીઓ સામે વિશેષ મેગા ડ્રાઈવ હાથ ધરી હતી. મ્યુનિસિપલ કમિશનરની સૂચના હેઠળ વિવિધ વિસ્તારોમાં કરાયેલી આકસ્મિક તપાસ દરમિયાન બિનઆરોગ્યપ્રદ અને અસ્વચ્છ સ્થિતિ બદલ કુલ રૂ.3.20 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો, જ્યારે 9 કિલો અખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

ખોડીયારનગર, સરદાર એસ્ટેટ, ડભોઈ રોડ અને તરસાલી સહિતના વિસ્તારોમાં 10 પાણીના જગ એકમો, 12 કેરીના રસના તંબુ અને 5 આઈસ ફેક્ટરીઓની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં 27 રિટેલર્સ, 12 રેસ્ટોરન્ટ, એક કેન્ટીન, એક ઉત્પાદક પેઢી અને એક હોલસેલર સહિત કુલ 43 એકમોનું ઈન્સ્પેક્શન કરાયું હતું. તપાસ દરમિયાન દૂધ, પનીર, ઘી, ખાદ્ય તેલ, લસ્સી, મિલ્ક શેક, શરબત, પેકેજ્ડ પાણી અને વિવિધ આઈસ્ક્રીમ સહિત 72 નમૂના લેવામાં આવ્યા હતા, જેને પરીક્ષણ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલાયા છે. માંજલપુરના ગુપ્તા સમોસા અને ભાયલી કેનાલ રોડ સ્થિત મદ્રાસ ભવનને અસ્વચ્છતા બદલ રૂ.10-10 હજારનો દંડ ફટકારાયો હતો, જ્યારે ન્યુ મહાલક્ષ્મી પ્રોવિઝન સ્ટોરમાંથી મળેલી 9 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો.

### આડેધડ દબાણ અને ગંદકી કરનારાઓ સામે પાલિકાનું કડક વલણ

# કિશનવાડીથી યાકુતપુરા રોડ પર ગેરેજ સંચાલકને 50 હજારનો આકરો દંડ

**૧૨** કલાકમાં વાહનો નહીં હટાવાય તો ટોઈંગની ચીમકીથી દબાણકર્તાઓમાં ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા. તા.9

'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત શહેરને સુઘડ અને ટ્રાફિકમુક્ત બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા આજે એક મોટી અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના વ્યસ્ત ગણાતા કિશનવાડીથી યાકુતપુરા રોડ પર પાલિકાની ટીમે અચાનક ત્રાટકીને રસ્તા પર ગેરકાયદેસર રીતે અડિંગો જમાવીને બેઠેલા તત્વો સામે લાલ આંખ કરી હતી. લાંબા સમયથી આ માર્ગ પર આડેધડ વાહનો પાર્ક કરીને ટ્રાફિકને નડતરરૂપ બનતા અને ગંદકી ફેલાવતા તત્વો સામે પાલિકા પ્રશાસને આકરું વલણ અપનાવતા સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આ ઝુંબેશ અંતર્ગત કિશનવાડી રોડ પર આવેલા 'એસ.વી. મોટર્સ' નામના ગેરેજ સામે પાલિકાએ કડકમાં કડક પગલાં લીધાં હતાં. ગેરેજના સંચાલક દ્વારા રસ્તાની બંને બાજુએ રીપેરિંગ માટે આવતા વાહનો આડેધડ પાર્ક કરી દેવામાં આવતા હતા, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ ઉપરાંત વાહનોના ઓઈલ અને ભંગારના કારણે રોડ પર અસહ્ય ગંદકી ફેલાતી હતી. પાલિકાની ટીમે નિયમોના લીરેલીરા ઉડાવતા આ ગેરેજ સંચાલકને જાહેરમાં જ રૂપિયા ૫૦,૦૦૦નો મસમોટો રોકડ દંડ ફટકારીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

માત્ર દંડ ફટકારીને પાલિકા અટકી ન હતી, પરંતુ કમિશનરની સૂચનાથી ગેરેજ સંચાલકને ૧૨ કલાકનું કડક અલ્ટિમેટમ પણ આપવામાં આવ્યું છે. પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આજના દિવસ દરમિયાન રસ્તા પરથી તમામ નડતરરૂપ વાહનો અને દબાણો જાતે દૂર કરવામાં નહીં આવે, તો પાલિકા દ્વારા તમામ વાહનોને ક્રેન દ્વારા ટોઈંગ જપ્ત કરી લેવામાં આવશે. પાલિકાના આ આકરા વલણને પગલે આસપાસના અન્ય ગેરકાયદેસર દબાણકર્તાઓ અને લારી-ગલ્લાવાળાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને લોકોએ પોતપોતાના દબાણો સંકેલવાનું શરૂ કરી દીધું છે.

# GCAS પોર્ટલ ખોરવાતા હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ

**એડમિશન** સિઝનમાં ટેક્નિકલ ખામીએ વધાર્યો પેનિક

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

પ્રવેશ પ્રક્રિયાના તણાવ વચ્ચે જ જીકાસ પોર્ટલમાં સર્જાયેલી ટેક્નિકલ ખામીએ હજારો વિદ્યાર્થીઓની ચિંતામાં વધારો કરી દીધો છે. સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન સિસ્ટમ ફરી એકવાર ખોરવાતા તેની વિશ્વસનીયતા સામે સવાલો ઉભા થયા છે.

જીકાસ પોર્ટલમાં તાજેતરમાં સર્જાયેલા વિક્ષેપના કારણે એડમિશન પ્રક્રિયા અટવાઈ પડી છે. હજારો વિદ્યાર્થીઓ માટે પહેલેથી જ તણાવપૂર્ણ રહેતી પ્રવેશ સિઝનમાં ટેક્નિકલ ખામીએ અનિશ્ચિતતા અને ગભરાટનો માહોલ સર્જ્યો છે. ખાસ કરીને પોષણક્ષમ ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે નાની ડિલે કે ભૂલ પણ મોટા પરિણામો સર્જી શકે છે. આ ઘટનાએ ફરી એકવાર સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન સિસ્ટમની મજબૂતી અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ છતી કરી છે. જ્યારે ટેક્નોલોજી સુવિધાને બદલે અવરોધ બની જાય ત્યારે વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ફોર્મ ભરવાથી લઈને મેરિટ અને કોલેજ ફાળવણી સુધીની પ્રક્રિયા ખોરવાઈ જતા વિદ્યાર્થીઓના કારકિર્દીના સપના દાવ પર લાગ્યા છે.

હાલ યુનિવર્સિટી દ્વારા દરમિયાનગીરી કરી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને સ્પષ્ટતા આપવામાં આવે તેવી અપેક્ષા છે. પરંતુ આ ઘટનાએ વધુ મજબૂત સિસ્ટમ, સારો સંચાર વ્યવહાર અને ક્રિટિકલ એડમિશન સમયગાળા દરમિયાન ઝડપી ફરિયાદ નિવારણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ માંગ કરી છે કે વારંવાર ખોરવાતા પોર્ટલ માટે જવાબદારી નક્કી કરવામાં આવે અને ભવિષ્યમાં આવી ટેક્નિકલ ખામી ન સર્જાય તે માટે કાયમી વ્યવસ્થા ગોઠવવામાં આવે. નહીંતર હજારો વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડવાનો ભય સતાવી રહ્યો છે.

### 'લાલુ સિંધી ગેંગ' સામે GCTOC હેઠળ ચાલતી કાર્યવાહી

# દારૂના કારોબાર સાથે સંકળાયેલા 3 આરોપીની ધરપકડ : 8 દિ'ના રિમાન્ડ

**અત્યાર** સુધી ઝડપાયેલા આરોપીઓનો આંક 9 થયો, હજુ ત્રણ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

વડોદરા શહેર પોલીસ દ્વારા સંગઠિત ગુનાખોરી સામે હાથ ધરાયેલી કાર્યવાહી અંતર્ગત 'લાલુ સિંધી ગેંગ' સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (GCTOC) એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા આ ત્રણેય આરોપીઓના 30 દિવસના પોલીસ રિમાન્ડ મેળવવા માટે GCTOC કોર્ટમાં રજૂ કરાયા હતા. જેમાં સરકારી વકીલે ધારદાર દલીલ કરી હતી. જેમા મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણ આરોપીના આઠ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ગેંગનો મુખ્ય સૂત્રધાર લાલચંદ ઉર્ફે લાલુ સિંધી અને તેના સાગરીતો છેલ્લા દસ વર્ષથી વડોદરા શહેર તેમજ આસપાસના જિલ્લાઓમાં સંગઠિત ગુનાખોરીમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. ગેંગ સામે હત્યા, ખંડણી, હુમલો, આર્મ્સ એક્ટ અને મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી સહિત 106 જેટલા ગંભીર ગુનાઓ આચર્યા છે.

પોલીસ દ્વારા હિમાંશુ ઉર્ફે ભોલો અગ્રવાલ, મોહિત ઉર્ફે બોબડો અગ્રવાલ અને દિપેન દિનેશ વાળાની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય આરોપીઓ અગાઉ પણ નશાબંધીના અનેક ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

આરોપીઓ બહારના રાજ્યમાંથી મોટા જથ્થામાં વિદેશી દારૂ મંગાવી વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરતા હતા. ગેંગના સભ્યો દ્વારા ગેરકાયદે કમાણીથી વાહનો, મિલકતો અને અન્ય સંપત્તિ ઉભી કરાઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આર્થિક કડીઓ અને બેનામી સંપત્તિની તપાસ પોલીસે કોર્ટ સમક્ષ રજૂઆત કરી છે કે ગેંગના આર્થિક વ્યવહારો, દારૂ સપ્લાય ચેઈન, વાહનોની ખરીદી, બેનામી મિલકતો અને ગેરકાયદે નાણાંના સ્ત્રોત અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવી જરૂરી છે. તેવી દલીલો પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યા કરી હતી. આ માટે ત્રણેય આરોપીઓના 30 દિવસના પોલીસ રિમાન્ડની માંગ કરવામાં આવી છે. GCTOC કોર્ટમાં મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણેય આરોપીના આઠ દિવસના 16 જૂન સુધીના વિમાન મંજૂર કરવામાં આવ્યા છે.

### ફેશન ડિઝાઈનર યુવતીને ઠગે રૂ.3.66 લાખનો ચૂનો ચોપડયો

# તાંત્રિક વિધિ કરીને પ્રેમી પાછો અપાવવાની ગેરંટી આપી ઠગાઈ

**સોશિયલ** મીડિયાથી સંપર્કમાં આવેલા મિત્રે તંત્ર-મંત્રની વિધીનો વિશ્વાસ અપાવી રોકડ, લોનની રકમ અને ઘરેણાં હડપ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.9

સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા બાદ તંત્ર-મંત્રની વિધી દ્વારા ભૂતકાળના પ્રેમીને ફરી જીવનમાં પરત લાવી આપવાનો ભરોસો આપી એકઠગ યુવકે કરજણની યુવતી સાથે રૂ.3.66 લાખની પડાવી લીધા હતા. રોકડ રૂપિયા, ઓનલાઈન લોનની રકમ અને સોના-ચાંદીના દાગીના મેળવી લીધા બાદ આરોપીએ વચન મુજબ પરત ન આપતો હોય આખરે યુવતીએ પોલીસનો આશરો લીધો છે.

કરજણમાં રહેતી અને વડોદરાની ખાનગી સંસ્થામાં ફેશન ડિઝાઈનિંગનો અભ્યાસ કરતી 28 વર્ષીય યુવતીને સપ્ટેમ્બર 2025 દરમિયાન સોશિયલ મીડિયા પર જયંત વસાવા નામના યુવકની ફ્રેન્ડ રિક્વેસ્ટ મળી હતી. રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ બંને વચ્ચે નિયમિત વાતચીત શરૂ થઈ હતી અને બાદમાં મોબાઈલ નંબરની આપ-લે થતાં તેઓ વડોદરામાં રૂબરૂ મળ્યા હતા.

મુલાકાત દરમિયાન જયંતે પોતે ખાનગી બેંકમાં ફાઈનાન્સર તરીકે નોકરી કરતો હોવાનું જણાવી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો. વાતચીત દરમિયાન યુવતીએ પોતાના ભૂતકાળના પ્રેમ સંબંધ અને બ્રેકઅપ અંગે વાત કરતાં આરોપીએ તંત્ર-મંત્ર તથા વિશેષ વિધી દ્વારા તેના પૂર્વ પ્રેમીને ફરી તેના જીવનમાં લાવી શકાય તેવી વાતો કરી યુવતીના વિશ્વાસ કેળવ્યો હતો.આરોપીએ શરૂઆતમાં વિધીના ખર્ચ પેટે રૂ.30 હજારની માંગણી કરી હતી.




યુવતીએ ઓક્ટોબર 2025માં રોકડ રકમ આપી હતી. ત્યારબાદ વધુ ખર્ચ હોવાનું કહી આરોપીએ યુવતીના મોબાઈલમાં લોન એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઓનલાઈન લોન પણ લેવડાવી હતી અને તે રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આટલું જ નહીં, આરોપીએ બાદમાં સયાજીગંજ વિસ્તારની એક હોટલમાં બોલાવી વિધી પૂર્ણ કરવા માટે વધુ નાણાંની જરૂર હોવાનું જણાવ્યું હતું. યુવતી પાસે રોકડ ન હોવાથી તેણે સોના-ચાંદીના દાગીના ગીરવે મૂકવાની સલાહ આપી હતી. વિધી પૂર્ણ થતાં તમામ દાગીના પરત આપી દેવાની ખાતરી આપતાં યુવતી તેના વિશ્વાસમાં આવી ગઈ હતી. ઓક્ટોબરથી ડિસેમ્બર-2025 દરમિયાન આરોપીએ તબક્કાવાર સોનાની બુટ્ટી, ચેઈન, વીંટી, પેન્ડન્ટ, કડીઓ સહિત ચાંદીના વિવિધ ઘરેણાં મેળવી ગીરવે મૂકી રૂ.3.66 લાખ જેટલી યુવકે જ લઈ લીધી હતી. જોકે લાંબો સમય વીતી જવા છતાં આરોપીએ ન તો દાગીના પરત આપ્યા અને ન તો તેની કિંમત ચૂકવી. વારંવાર ઉઘરાણી કરવા છતાં સંતોષકારક જવાબ ન મળતાં યુવતીએ આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જયંત પ્રવીણભાઈ વસાવા સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર પ્રકરણની વધુ તપાસ શરૂ કરી છે.

### એસટી વિભાગના ડ્રાઈવરો માટે નિગમનો કડક પરિપત્ર

# ચાલુ બસે મોબાઈલ,રીલ્સ કે વીડિયો બનાવશો તો નોકરી પર આવશે જોખમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખી ગુજરાત એસ.ટી. નિગમે મોટો અને કડક નિર્ણય લીધો છે. હવે એસ.ટી. બસના ડ્રાઈવરો ચાલુ બસે મોબાઈલનો ઉપયોગ કરી શકશે નહીં. નિયમનો ભંગ કરનાર ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો પરિપત્ર જાહેર કરાયો છે.

બસ સંચાલન દરમિયાન ડ્રાઈવરો મોબાઈલ પર વાત તો દૂર, વીડિયો, ફોટો કે સોશિયલ મીડિયા માટે રીલ્સ પણ બનાવી શકશે નહીં. છેલ્લા કેટલાક સમયથી ચાલુ બસે ડ્રાઈવરો દ્વારા મોબાઈલ વાપરવાના અને રીલ્સ બનાવવાના કિસ્સા સામે આવતા મુસાફરોની જિંદગી જોખમમાં મુકાતી હતી. ચાલુ બસે મોબાઈલના ઉપયોગથી ડ્રાઈવરનું ધ્યાન ભંગ થાય છે અને અકસ્માતની શક્યતા વધી જાય છે. અનેક વખત ફરિયાદો મળ્યા બાદ નિગમે આ દિશામાં કડક પગલું ભર્યું છે. પરિપત્રમાં તમામ ડેપો મેનેજરોને આદેશ અપાયો છે કે ડ્રાઈવરો નિયમનું ચુસ્તપણે પાલન કરે તેની તકેદારી રાખે. જો કોઈ ડ્રાઈવર ચાલુ બસે મોબાઈલ વાપરતો પકડાશે તો તેની સામે ખાતાકીય તપાસથી લઈને સસ્પેન્શન સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે.



મુસાફરો પણ જો ડ્રાઈવરને મોબાઈલ વાપરતા જુએ તો નિગમના હેલ્પલાઈન નંબર પર ફરિયાદ નોંધાવી શકે છે. નિગમના આ નિર્ણયથી રોજના લાખો મુસાફરોમાં રાહતની લાગણી ફેલાઈ છે. લાંબા રૂટની બસોમાં મુસાફરી કરતા નાગરિકોએ આ નિર્ણયને આવકાર્યો છે અને કહ્યું કે ડ્રાઈવરનું સંપૂર્ણ ધ્યાન રસ્તા પર રહેશે તો મુસાફરી વધુ સુરક્ષિત બનશે.